આપણું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર

સામેની વ્યક્તિની પ્રસન્નતા અને ગરિમા જળવાય એ રીતે કરેલી મદદ પણ એક પ્રાર્થના સ્વરૂપ જ કહેવાય
- કાન્તિ ભટ્ટ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૨ | ૨૪ માર્ચ, ૨૦૧૪, સોમવાર; ફાગણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● શ્રીરામ સેનાના પ્રમોદ મુથાલિક ભાજપમાં**

વિવાદાસ્પદ રહેલી શ્રીરામ



સેનાના સંસ્થાપક પ્રમોદ મુથાલિક ભાજપમાં જોડાયા છે. પ્રમોદ મુથાલિક ભાજપમાં જોડાતા જ તેમની સામે વિરોધનો વંટોળ જાગ્યો છે. ગોવાના મુખ્યમંત્રી મનોહર પારિકર તથા સુષ્મા સ્વરાજે પ્રમોદ મુથાલિકનો ભાજ પ્રવેશનો વિરોધ કર્યો છે અને તેમનું સભ્યપદ રદ કરવાની માંગણી કરી છે. ભારે વિરોધના પગલે મુથાલિકનું સભ્યપદ રદ કરાવવાની વિચારણા ચાલી રહી છે.

**● જશવંતસિંહને ટીકીટ ન અપાતા સુષ્મા સ્વરાજે દુઃખ વ્યક્ત કર્યુ**

બાજપાઈ સરકારમાં મંત્રી



રહી ચુકેલા જશવંતસિંહને બાડમેરની ટીકીટ ન અપાતા ભારે વિવાદ થયો છે. ભાજપના દિગ્ગજ નેતા સુષ્મા સ્વરાજે આ બાબતે દુઃખ જાહેર કર્યુ છે અને કહ્યું છે કે જશવંતસિંહની ટીકીટ બાબતે કેન્દ્રીય ચૂંટણી સમિતિમાં ચર્ચા જ નથી થઈ તે ખુબ દુઃખની વાત છે.

**● સચિન સોમનાથના દર્શને**


ભારત રત્ન અને ક્રિકેટના



બાદશાહ સચીન તેંડુલકર અને તેના પત્ની અંજલિ તેંડુલકર પ્રસિદ્ધ જ્યોર્તિલીંગ સોમનાથ મંદિરે દર્શન કરી મહાદેવના ચરણે શીશ નમાવ્યુ હતુ. સોમનાથ દાદા પર જળાભિષેક કર્યો હતો.

**● હુ ફર્નિચર નથી કે મને એડજેસ્ટ કરાશે : જશવંતસિંહ**

બાડમેર બેઠકની ટીકીટ ન મળતા નારાજ બનેલ ભાજપના



વરિષ્ઠ નેતા જશવંતસિંહને આગામી દિવસોમાં એડજેસ્ટ કરવાનું આશ્વાસન પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહે આપતા છંછેડાયેલ જશવંતસિંહ પ્રતિભાવ આપ્યો હતો કે હું ફર્નિચર નથી કે મને એડજેસ્ટ કરાશે.

# ભાજપના વિવાદની જ્વાળામાં જિલ્લો પણ લપેટાયો

### ચાના કપમાં આવેલો ઉભરો માત્ર છે તેવો ભાજપના આગેવાનોનો દાવો : પરિસ્થિતિ ઝડપથી થાળે પડી જશે

ગાંધીનગર, તા. ૨૩

ભારતીય જનતા પક્ષમાં ટિકિટ ફાળવણીના મુદ્દે ઉઠેલા વિવાદના છાંટા ગાંધીનગર જિલ્લામાં પણ ઉડતા રાજકીય વાતાવરણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.

પહેલા ગાંધીનગરની બેઠક માટેનો ચાલેલો વિવાદ હજુ શમ્યો જ હતો ત્યાં અમદાવાદ પૂર્વમાં હરિન પાઠકની ટિકિટ કપાતાં ગાંધીનગર જિલ્લાના બે વિધાનસભા મત વિસ્તારમાં આજે ભાજપના કાર્યકરોએ કરેલા સૂત્રોચ્ચાર, પૂતળાં દહનના કાર્યક્રમોને પગલે જિલ્લાના રાજકીય વાતાવરણમાં ભારે ગરમાવો આવી જવા પામ્યો છે.

અમદાવાદ પૂર્વ વિસ્તારમાં આવતા દહેગામ વિધાનસભા મતવિસ્તારમાં તો દહેગામ બંધનું એલાન આપવામાં આવ્યુ છે. બીજી તરફ ગાંધીનગર(દ) વિધાનસભા વિસ્તારમાં પણ પરેશ રાવલની પસંદગી સામે વિરોધનો ઉગ્ર સૂર ઉઠવા પામ્યો છે.

જો કે લોકસભાની ચૂંટણીના પરિણામોમાં ગાંધીનગર (ઉ)ની બેઠક પર ભાજપ ક્યારેય સરસાઈ મેળવી શક્યુ નથી. ગાંધીનગર (દ) અને દહેગામમાં ગત ચૂંટણીમાં શ્રી પાઠકે સરસાઈ મેળવી હતી.

જે રીતે વિરોધનો સૂર ઉઠ્યો છે તેને લક્ષમાં લેતાં ભાજપના નેતાઓએ સાંજથી જ ડેમેજ કંટ્રોલની કામગીરી હાથ પર લીધી હોવાના અહેવાલો છે. બધી જ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનું ભાજપના નેતાઓ દાવો કરી રહ્યા છે. નેતાઓના જણાવ્યા પ્રમાણે આ ચાના કપમાં આવેલો ઉભરો માત્ર છે આની કોઈ જ અસર પરિણામો પર થશે નહિ.

જો કે ભાજપના નેતાઓએ આ વિસ્તારમાં કાર્યકરો સાથે બેઠકોનો દોર વધાર્યો છે અને એકાદ-બે દિવસમાં બધુ થાળે પડી જશે તેવો વિશ્વાસ પણ નેતાઓ ધરાવી રહ્યા છે. આજે જિલ્લામાં ભાજપના કાર્યકરો સામે પોલીસે ગુના દાખલ કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આજે દહેગામ બંધનું એલાન

### લોકપ્રિય બની ચુકેલા હરિન પાઠકને ટીકીટ ન અપાતા : દહેગામમાં નારાજ કાર્યકરોએ રેલી કાઢી પરેશ રાવલનું પુતળા દહન કર્યુ : ૭૦ થી ૮૦ કાર્યકરોના ટોળા સામે પોલીસે ગુનો નોંધ્યો

ગાંધીનગર, તા. ૨૩

ભાજપે લોકસભાની અલગ-અલગ બેઠકોના ઉમેદવારોની જાહેરાતો શરૂ કરતા જ પક્ષમાં ભડકા થવા લાગ્યા છે. અમદાવાદ પૂર્વમાં સ્થાનિક લોકપ્રિય ઉમેદવાર હરિન પાઠકને કાપીને આયાતી ઉમેદવાર પરેશ રાવલને ટીકીટ આપી દેવાતા ભાજપના કાર્યકરોએ ભારે નારાજગી વ્યક્ત કરી છે. દહેગામ વિસ્તારમાં વિરોધ સ્વરૂપે રેલી કાઢીને કાર્યકરોએ પરેશ રાવલના પુતળાનું દહન કરી બંધનું એલાન કર્યુ છે. પોલીસે ૭૦ થી ૮૦ કાર્યકરોના ટોળા સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે. દહેગામ શહેર ભાજપ અને દહેગામ તાલુકા ભાજપ દ્વારા પરેશ પરેશ રાવલને ટીકીટ આપ્યાની જાહેરાત થયા બાદ નારાજગી વ્યક્ત કરી ઓચિંતી બેઠક યોજી હતી. ભાજપના કાર્યકરોએ દહેગામમાં વિરોધ પ્રદર્શન કરવા રેલી કાઢી હતી.



(તસવીર : નટુભાઈ પટેલ, લિંચોડા)



(તસવીર : નટુભાઈ પટેલ, લિંચોડા)

# ‘આયાતી ઉમેદવાર નહીં ચલેગા,’ વી વોન્ટ હરીન પાઠક’ના નારા

### ચિલોડા સર્કલે ભાજપના કાર્યકરોએ રેલી કાઢીને સુત્રોચ્ચાર કરી દેખાવો કર્યા

ગાંધીનગર, તા. ૨૩

અમદાવાદ પુર્વેની ટીકીટ લોકપ્રિય હરીન પાઠકને બદલે આયાતી ઉમેદવાર પરેશ રાવલને આપી દેવાતા ઠેર-ઠેર ભાજપના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યો છે. દહેગામ બાદ ચિલોડા સર્કલ ખાતે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો આવી પહોંચ્યા હતા અને ‘વી વોન્ટ હરીન પાઠક’ ના નારા સાથે રેલી કાઢીને દેખાવો કર્યા હતા. પોલીસ બંદોબસ્ત પણ સ્થળ પર તાત્કાલિક ગોઠવી દેવામાં આવ્યો હતો.

ડભોડા, ઈસનપુર મોટા, ચિલોડા, લવારપુર, મહુન્દ્રા, ઝાખોરા, દશેલા સહિતના મોટાભાગના ગામોમાંથી ભાજપના કાર્યકરોએ ચિલોડા સર્કલ ખાતે પરેશ રાવલને ટીકીટ આપતા વિરોધ કર્યો હતો. ‘આયાતી ઉમેદવાર નહી ચલેગા’, ‘વી વોન્ટ હરીન પાઠક’, ‘ઉમેદવાર બદલો, ભાજપ બચાવો’ જેવા સુત્રોચ્ચાર કરીને ચિલોડા સર્કલે રેલી નિકાળી કાર્યકરોએ બેનર વડે દેખાવો કરી વિરોધ વ્યક્ત કર્યો હતો. સ્થાનિક ઉમેદવાર હરિન પાઠક અથવા કોઈપણ સ્થાનિક ઉમેદવાર મુકો, આયાતી ઉમેદવાર નહીં ચાલે... આ માંગણી ભાજપના કાર્યકરોની છે.

# ચૂંટણી લડવા અંગે ટૂંકમાં નિર્ણય : હરિન પાઠક

### જશવંતસિંહની જેમ હરિન પાઠક પણ નાખુશ : અપક્ષ તરીકે ચૂંટણી લડે તેવી શક્યતા : બહારના લોકોને ટિકિટ આપવાથી પક્ષના કાર્યકરોનો જુસ્સો ઘટી ગયો છે

અમદાવાદ,તા.૨૩

અમદાવાદ પૂર્વમાંથી ટિકિટ નહીં મળ્યા બાદ હરિન પાઠક પણ ભારે નાખુશ દેખાઈ રહ્યા છે. અન્ય સિનિયર નેતાઓની જેમ જ આજે હરિન પાઠકે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, ભાજપની પ્રતિષ્ઠ ખરડવામાં મહત્વની ભૂમિકા અદા કરનાર લોકોને ટિકિટ આપવામાં આવી રહી છે. જે લોકોએ કોંગ્રેસમાં રહીને ભારતીય જનતા પાર્ટીને ગાળો આપી હતી, ચૂંટણીમાં કાર્યકરો ઉપર પ્રહાર કર્યા હતા તેમને સન્માનની સાથે પાર્ટીમાં સામેલ કરવામાં આવી રહ્યા છે. આવા લોકોને ટિકિટ આપવામાં આવી રહી છે. આનાથી તેઓ માત્ર દુઃખી જ નહીં પરંતુ હતાશ પણ છે. હરિન પાઠકે પત્રકાર પરિષદમાં સવારે કહ્યું હતું કે, પાર્ટી માટે ઘણુ કામ કરનાર કાર્યકરો પણ ભારે હતાશ થયેલા છે. નરેન્દ્ર મોદીને કહી દેવામાં આવ્યું છે કે, પાર્ટીના આ નિર્ણય અંગે તેઓ શું વિચારી રહ્યા છે. પાર્ટી સર્વોચ્ચ છે અને કોઈપણ નેતા પાર્ટીની ઉપર નથી. તેમણે ઉમેર્યું હતું કે, તેઓ ટુંક સમયમાં જ ચૂંટણી લડવાને લઈને નિર્ણય કરશે. એવી શક્યતા છે કે, પૂર્વ સાંસદ હરિન પાઠક પણ જશવંતસિંહની જેમ આગળ વધીને અપક્ષ તરીકે ચૂંટણી લડી શકે છે. પક્ષ પલટુઓને ટિકિટ આપવાની બાબત બિલકુલ અયોગ્ય છે. તેમણે ઉમેર્યું હતું કે, અમદાવાદને ૨૪ કલાક સાથે રહેનાર સાંસદોની જરૂર છે. અડવાણીના સૌથી નજીકના ગણાતા હરિન પાઠક માટે ટિકિટ નહીં મળતા આશ્ચર્યજનક બાબત રહી છે. અમદાવાદ પૂર્વમાંથી હરિન પાઠકે ટિકિટની માંગણી કરી હતી પરંતુ તેમની જગ્યાએ અભિનેતા પરેશ રાવલને ટિકિટ આપી દેવામાં આવી છે. અમદાવાદ પૂર્વમાંથી ટિકિટ કપાઈ ગયા બાદ હરિન પાઠક ભારે નાખુશ છે અને તેમના સમર્થકોમાં પણ ભારે નારાજગી છે. ભાજપમાં ટિકિટની ફાળવણીની પ્રક્રિયાને લઈને હાલમાં ઘણા નેતાઓ નાખુશ દેખાઈ રહ્યા છે. ખાસ કરીને સિનિયર નેતાઓ સૌથી વધારે હતાશ દેખાઈ રહ્યા છે. સિનિયર નેતાઓમાં જશવંતસિંહનો સમાવેશ થાય છે.

જશવંતસિંહ અપક્ષ તરીકે ચૂંટણી લડવા તૈયાર થઈ ચુક્યા છે. મળેલી માહિતી મુજબ ટિકિટ ફાળવણીને લઈને પક્ષના વરિષ્ઠ નેતા અડવાણી પણ નાખુશ દેખાઈ રહ્યું છે.

## હરિન પાઠકે શું કહ્યું....

- ચૂંટણી લડવાને લઈને ટૂંકમાં જ નિર્ણય કરવામાં આવશે
- બહારી વ્યક્તિને ટિકિટ આપવાથી પક્ષના કાર્યકરોનો નૈતિક જુસ્સો ઘટી ગયો છે
- પક્ષ બદલીને સામેલ થયેલા લોકોને ટિકિટ આપવામાં આવી રહી છે જે ખોટી બાબત છે
- અમદાવાદને ૨૪ કલાક સાથે રહી શકે તેવા સાંસદોની જરૂર છે
- પક્ષ માટે ભારે મહેનત કરનાર લોકોને ટિકિટ નહીં મળતા નારાજ છે
- ટિકિટ નહીં મળવાની બાબતથી ઘણા સિનિયરો પણ નારાજ છે
- જે લોકોએ કોંગ્રેસમાં રહીને ભાજપને ગાળો આપી હતી
- તેવાલોકોને પક્ષમાં સમ્માનપૂર્વક સામેલ કરાયા છે
- નરેન્દ્ર મોદીને કેટલીક વાત કરવામાં આવી છે
- પાર્ટી સુપ્રીમ છે અને કોઈપણ નેતા પાર્ટીથી ઉપર નથી

# ગાંધીનગર મતદારોની દૃષ્ટિએ બીજો નંબર

### નોંધાયેલા મહિલા મતદારોમાં ગાંધીનગર સંસદીય મતવિસ્તાર પ્રથમ છે : આખા રાજ્યમાં ૫૦૦ થી ૫૦૦૦ કિ.મી.નું ક્ષેત્રફળ સંસદીય મતવિસ્તારો ધરાવે છે : સૌથી નાનો સંસદીય મતવિસ્તાર અમદાવાદ(પ) છે તો સૌથી મોટો કચ્છ સંસદીય મત વિસ્તાર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર એ રાજ્યમાં મતદારોની દૃષ્ટિએ દ્વિતીય નંબરનો સંસદીય મત વિસ્તાર છે.

રાજ્યમાં આમ તો ભૌગોલિક દૃષ્ટિએ જો સંસદીય મત વિસ્તારો જોઈએ તો કચ્છ એ સૌથી મોટો વિસ્તાર છે જ્યારે મોટાભાગના સંસદીય મત વિસ્તારો ૫૦૦ થી ૫૦૦૦ કિ.મી.નો વિસ્તાર ધરાવે છે. સૌથી નાનો ભૌગોલિક દૃષ્ટિએ સંસદીય મતવિસ્તાર એ અમદાવાદ (પશ્ચિમ) છે.

મતદારોની દૃષ્ટિએ રાજ્યમાં સૌથી મોટો વિસ્તાર નવસારી છે જે દક્ષિણ ગુજરાતમાં છે. જ્યારે બીજા ક્રમનો મત વિસ્તાર ગાંધીનગર સંસદીય મતવિસ્તાર બને છે.

ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં આખા રાજ્યમાં નોંધાયેલા મતદારોમાં મહિલા મતદારોની સંખ્યા સૌથી વધુ છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં ૮,૦૯,૮૧૫ મહિલા મતદારો નોંધાયેલા છે. જ્યારે નોંધાયેલા પુરૂષ મતદારો ૮,૭૫,૯૦૪ છે. જે રાજ્યમાં નોંધાયેલા પુરૂષ મતદારોમાં બીજા ક્રમે આવે છે.

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં મતદારોની દૃષ્ટિએ સૌથી મોટો વિધાનસભા મત વિસ્તાર ઘાટલોડિયા છે જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૩,૦૭,૬૫૮ છે.

રાજ્યમાં ભૌગોલિક દૃષ્ટિએ કચ્છ એ સૌથી મોટો સંસદીય મત વિસ્તાર છે જેનું ક્ષેત્રફળ અંદાજે ૨૧

● અનુસંધાન પાન-૭ પર

# ઓઈલ ટેન્કર પ્રચંડ વિસ્ફોટ અકસ્માતમાં વધુ બેના મોત

અમદાવાદ, તા. ૨૩

મુંબઈ-અમદાવાદ હાઈવે ઉપર ગેસ ટેન્કરમાં વિસ્ફોટ બાદ વિનાશકારી આગ ફાટી નિકળવાની ઘટનામાં મોતનો આંકડો વધીને આજે ૧૦ ઉપર પહોંચી ગયો હતો. દહાનુ ટેન્કરના ડ્રાયવર અને ક્લિનરના પણ મોત થઈ ગયા છે. ગુજરાતમાંથી તેમના પરિવાર સભ્યો પહોંચે તેની રાજ જોવામાં આવી રહી છે. ઓઈલ ટેન્કર વિસ્ફોટ કેસમાં પોલીસ દ્વારા ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. આઠ મૃતદેહો બળીને ભડથું થઈ ગયા હતા જ્યારે થાણેની સિવિલ હોસ્પિટલમાં આજે દાઝી ગયા બાદ વધુ બેના મોત થયા હતા. અન્ય બે લોકો જે ૪૦ ટકાથી વધુ દાઝી ગયા છે તેમને સારવાર આપવામાં આવી રહી છે. પોલીસે આજે ડ્રાયવર બહાદુરસિંહ ગુજ્જર (૪૦) અને ક્લિનર વસંતલાલ સાહુને ઓળખી કાઢ્યા હતા. તેમના મૃતદેહ ડીએનએ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે. કારણ કે તેઓ ખરાબ રીતે દાઝી ગયા છે. તેમની ઓળખ તેમની કંપની દ્વારા કરવામાં આવી છે. ટેન્કરમાં ૩૫ ટન પેટ્રોલ હોવાનું જાણળા મળ્યું છે.

